જમીન અને મંડળી 'ક' વર્ગમાં મુકવા સહિતના આક્ષેપ સામે શાસકોની વિકાસની વાતો કરી

આણંદની અમૂલમાં પશુપાલકોની આવકમાં 23 ટકાનો વધારો થયો

સંઘ દ્વારા 2021-2022માં દૂધના ભાવ પ્રતિ કિલો ફેટે રૂ.835 ચુકવ્યાં હતાં, જે વર્ષ 2024-25માં વધારીને રૂ.1028 ચૂકવવામાં આવ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.14

આણંદ સ્થિત અમૂલ ડેરીની ચૂંટણી નજીક આવતી જાય છે, તેમ ગતિવિધિ તેજ બનતી જાય છે. છેલ્લા કેટલાક સમયથી વિપક્ષ સભ્યો જમીન ખરીદી, મંડળી ક વર્ગમાં મુકવા સહિતના વિવિધ આક્ષેપ કરી રહ્યાં હતા. જેમની સામે શાસકોએ ચુપકીદી સેવી હતી. પરંતુ સોમવારના રોજ અમૂલના શાસકોએ ચુપકીદી તોડી હતી અને સમગ્ર મામલે તેઓએ વિકાસની વાત કરી હતી. જેમાં છેલ્લા અઢી વર્ષના ગાળામાં પશુપાલકોની આવકમાં ધરખમ વધારો થયાનો દાવો કર્યો હતો. આ ઉપરાંત અન્ય કેટલાક પગલાં ભર્યા હોવાનો પણ દાવો કર્યો હતો.

આણંદ અમૂલના ચેરમેન વિપુલભાઈ પટેલે જણાવ્યું હતું કે, અમૂલ ડેરીમાં વર્ષ 2021-22માં ભેંસ દૂધના ભાવ રૂ.51.74 પ્રતિ લીટર હતાં. જે વધીને હાલ રૂ.63.53 પ્રતિ લિટર થયાં છે. જેમાં 23 ટકાનો વધારો કરાયો છે. તેવી જ રીતે ગાયના દૂધના ભાવ રૂ.35.93 પ્રતિ લિટર હતો. જે વધીને રૂ.44.12 પ્રતિ લિટર થયો છે. તેમાં પણ 23 ટકા જેટલો વધારો થયો છે. આ ઉપરાંત 2021-2022માં સંઘ દ્વારા રૂ.350 કરોડ, 2022-23માં રૂ.422 કરોડ, 2023-24માં 530 કરોડ, 2024-25માં રૂ.602 કરોડથી વધુ ચુકવવામાં આવ્યાં છે. જે 72 ટકાનો વધારો છે. તેવી જ રીતે વર્ષ 2021-22માં દૂધના ભાવ પ્રતિ કિલો ફેટે રૂ.835 ચુકવ્યાં હતાં. 2022-23માં રૂ.900, વર્ષ 2024-25માં વધારીને રૂ.1028 ચુકવવામાં આવ્યાં હતાં. આમ, તેમાં પણ 23 ટકાથી વધુનો વધારો થયો છે. વર્ષ 2021-22માં સંઘનું ટર્ન ઓવર રૂ.10,333 કરોડ સામે 2024-25માં વધીને 14,015 કરોડ જેટલું થયું હતું. આ પ્રસંગે ચેરમેન વિપુલભાઈ પટેલ ઉપરાંત વાઈસ ચેરમેન કાંતિભાઈ સોઢા પરમાર, કમિટિ સભ્ય રાજેશભાઈ પાઠક હાજર રહ્યાં હતાં.

ટીએમઆરની 25 કિલો બેગમાં ઉપલબ્ધ કરાઈ

અમૂલ ડેરી દ્વારા પશુપાલનને વેગવંતુ બનાવવા રબરમેટ, ઘાસ કાપવાના સુડા, મિલ્કીંગ મશીન, ઘાસનું બિયારણ સબસીડી સાથે આપવામાં આવે છે. પશુ પોષણની દિશામાં પણ અમૂલ દ્વારા ઉચ્ચ ગુણવત્તા યુક્ત વિવિધ પેદાશોનું ઉત્પાદન કરવામાં આવે છે અને સભાસદ માટે ઉપલબ્ધ કરવામાં આવે છે. હાલમાં જ સારસા ખાતે અતિઆધુનિક ટીએમઆર પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી છે અને આ પ્લાન્ટ થકી ટીએમઆર 25 કિલો બેગમાં ઉપલબ્ધ કરવામાં આવી છે.

અમૂલ ડેરીમાં અઢી વર્ષમાં થયેલા વિકાસ

- અમૂલ ડેરીના સાત લાખથી વધુ દૂધ ઉત્પદકો માટે આકસ્મિક મૃત્યુ વીમો લેવામાં આવ્યો.
- સૌ પ્રથમ વખત દાણના ભાવમાં પ્રતિ કિલો .50 પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો.
- ગ્રામ્ય કક્ષાએ સભાસદોના ઘરે 2900થી વધુ બે મીટર બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યાં.
- દૂધ મંડળીઓનુ કમીશન વધારીને રૂ.51.50 પૈસા કરવામાં આવ્યું. સાથે દાણ વેચાણ કમિશનમાં વધારો કરાયો.
- દૂધ મંડળીઓને સોલર રૂફ ટોપ, રેઇન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ સહિતની સુવિધા ઉભી કરાઇ.
- પશુપાલકોને રૂ.50 પ્રતિ ડોઝના ભાવે સેક્સ સોર્ટેડ સિમેન્સ આપવામાં આવ્યાં છે.
- આણંદ અમુલ ડેરી અને જીસીએમએમએફના સંયુક્ત પ્રયાસથી અમેરિકા જેવા દેશમાં પણ દૂધનું વિતરણ કરવામાં આવ્યું.
- કેનેડા, યુરોપના દેશો તેમજ આરબ દેશો જેવા કે દુબઇમાં પણ અમૂલનું વિસ્તૃતિકરણ કરવામા આવશે.
- અમૂલ ડેરી દ્વારા સ્પેન (યુરોપ) ખાતે દૂધનું સંપાદન કરીને દૂધનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે, જે કેનેડા અને દુબઇમાં પણ આયોજન કરાયું છે.
- ડિજિટલ નેક બેલ્ટ યોજના અમલીકત કરી પાંચ હજારથી વધુ પશુઓને આવરી લેવામાં આવ્યાં છે, જેથી વેતર ખાલી રહેવાથી થતું આર્થિક નુકશાન ઘટાડી શકાય.

વેન્ડર્સની સીસ્ટમને ઓપન કરીને રૂ.100 કરોડથી વધુની બચત કરાઇ

પ્લાન્ટના વિસ્તૃતિકરણ અને નવીનીકરણ વિષે વાત કરું તો અમૂલ ડેરી દ્વારા ખેડ સીટી - પુના ખાતે આઈસ્ક્રીમ પ્લાન્ટ અને ચિત્તૂર (આંધ્રપ્રદેશ) ખાતે દૂધ પ્રોસેસિંગના નવા પ્લાન્ટની સ્થાપના કરીને તેને કાર્યરત કરવામાં આવી છે. અમૂલ ડેરી દ્વારા છેલ્લા 2 વર્ષમાં વિવિધ પ્લાન્ટના વિસ્તૃતિકરણ અને નવીનીકરણ માટે રૂ.1500 કરોડથી રૂ.1700 કરોડ જેટલું રોકાણ કર્યું છે. ખાત્રજ ખાતે યુએચટી પ્લાન્ટની સ્થાપના કરી યુએચટીના વિવિધ ઉત્પાદનો કરવામાં આવ્યાં છે. અમૂલ ડેરી દ્વારા વિવિધ કોન્ટ્રાક્ટર સીસ્ટમમાં પારદર્શીયતા કરીને તેમજ વેન્ડર્સની સીસ્ટમને ઓપન કરીને અને કરકસરપૂર્વક વહીવટ કરીને વાર્ષિક રૂ.100 કરોડથી વધુની બચત કરવામાં આવી છે.

કાચ્છાઈમાં તસ્કરો ઘરવખરી ચોરાઇ

(પ્રતિનિધિ) મહેમદાવાદ, તા.14

મહેમદાવાદના કાચ્છાઇ સીમ વિસ્તારમાં તસ્કરોએ ઘરફોડ ચોરીને અન્જામ આપ્યો હતો જેમા તસ્કરો ઘરવખરી માલસામાન સાથે કુલ રૂ.6500ની ચોરી કરી ભાગી ગયાં હતાં.

મહેમદાવાદના કાચ્છાઇ ગામે બળીયાદેવ સીમવિસ્તારના એક બંધ મકાનમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો ખેડુત પરિવાર તા.11-07-2025ની સાંજે ઘર લોક કરી કારછાઇ ગામમાં આવેલ જુના ઘરે રાત્રિ વિશ્રામ કરવા ગયો હતો. જે દરમિયાન તસ્કરોએ ઘરના દરવાજાનું તાળુ તોડી ઘરમાં તસ્કરી મચાવી હતી જેમા તસ્કરો ઘરવખરી સામાન એલસીડી ટીવી ,ટેબલ પંખો,ગેસની બોટલ ,2 કાંડા ઘડિયાળ મળી કુલ રૂ6500-નો માલસામાન ચોરી કરી ગયા હતા જે અંગે ભોગ બનેલ પરિવારે મહેમદાબાદ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

બાલાસિનોરમાં આધેડ પર ચાર શખસો જીવલેણ હુમલો

રોડ પર માટી નાંખી પાણી નિકાલ બંધ કરવા બાબતે ઠપકો કરતા હુમલો કર્યો

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.12

બાલાસિનોરના ગોપેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલા ફળિયામાં પાલિકાએ બનાવેલા આરસીસી રસ્તા પર માટી નાંખી પાણી નિકાલ બંધ કરવા બાબતે આધેડે ચાર શખસને ઠપકો આપ્યો હતો. જેથી ઉશ્કેરાયેલા ચાર શખ્સે તેમના પર લાકડીથી હુમલો કરી હત્યાની કોશિષ કરતાં પોલીસે ગુનો નોંધ્યો હતો.

બાલાસિનોરના ગોપેશ્વર મહાદેવ મંદિર પાસે રહેતા જયેશકુમાર હકાભાઈ ભરવાડ પશુઆહારની દુકાન ચલાવે છે. તેમના ફળીયામાં રહેતા મેરાભાઈ વસતાભાઈ ભરવાડે 9મી જુલાઇની રાત્રિના આશરે દસેક વાગ્યાના સુમારે માટીનું ટ્રેક્ટર ભરી લઇ આવી જયેશના ઘર નજીક આરસીસી રોડ પર ખાલી કર્યું હતું. જેથી ચોમાસાના પાણીના નિકાલ માટે બનાવેલી ચેરી પુરાઇ ગઇ હતી. બીજા દિવસે સવારમાં વસતા પબા ભરવાડ, કેશા પબા ભરવાડ, મેરા વસ્તા ભરવાડ તથા ભીમા વસ્તા ભરવાડને બોલાવી આ બાબતે ઠપકો આપ્યો હતો. જેના કારણે ઝઘડો થયો હતો. જોકે, જયેશના પરિવારજનો કંઇ બોલ્યાં નહતાં. પરંતુ જયેશના મોટા બાપુ ભગુભાઈ રતાભાઈ ભરવાડ સુઇ ગામ ગયા હતા, તેઓ સાંજના આવતા તેઓએ વસ્તા ભરવાડના પરિવારજનોને સમજાવવા ગયાં હતાં. આ સમયે ચારેય શખસ ઉશ્કેરાઇ ગયા હતા અને અપશબ્દ બોલી લાકડીથી હુમલો કર્યો હતો. આ હુમલામાં માથામાં જોરથી ફટકો મારતા જીવલેણ ઇજા પહોંચી હતી. જોકે, બુમાબુમ થતાં આસપાસના લોકો દોડી આવ્યાં હતા. આ સમયે ચારેય શખ્સ ધમકી આપી જતાં રહ્યાં હતાં. આ હુમલામાં ઘવાયેલા ભગુભાઈને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. આ અંગે જયેશકુમારની ફરિયાદ આધારે બાલાસિનોર પોલીસે વસ્તા પબા ભરવાડ, મેરા વસ્તા ભરવાડ, લખા કેશા ભરવાડ અને ભીમા વસ્તા ભરવાડ સામે ગુનો નોંધ્યો હતો.

બોચાસણથી દર્શન કરી સાળંગપુર જઇ રહેલા ઉમરેઠના હરિભક્તના પુત્રનું ડૂબી જતાં મોત

સાળંગપુર પાસે નાળામાં તણાયેલી કારમાં બાળક સહિત બેના મોત

નાળા પાસે ડીપમાં ભરાયેલા પાણીમાં કાર તણાઇ હતી, એક સંત લાપત્તા

(પ્રતિનિધિ) આણંદ તા.14

બોરસદના બોચાસણ સ્થિત બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના સાળંગપુરમાં કાર્યરત સંસ્કૃત મહાવિદ્યાલયના ગૃહપતિ દિવ્યેશભાઈ પટેલની કારમાં બોચાસણ ખાતે દર્શન કરીને સાળંગપુર પરત ફરી રહેલા બે સંત અને અન્ય ચાર યાત્રિકને અકસ્માત નડ્યો હતો. સાળંગપુર નજીક જ આવેલા એક નાળામાં પાણીના પ્રવાહ વચ્ચે કાર પસાર થતાં તે તણાઇ હતી. જેમાં બેના મોત નિપજ્યાં હતાં.

બોચાસણથી દર્શન કરીને પોતાની અર્ટિગો કાર દ્વારા સાળંગપુર જઇ રહેલા દિવ્યેશભાઈ પટેલ રાત્રે સવા અગિયાર વાગે સાળંગપુરથી માત્ર ત્રણ-ચાર કિલોમીટર દૂર આવેલા ગોધાવટા પાસે પહોંચ્યાં હતાં. આ સમયે રસ્તામાં એક નાળા પાસે ડીપમાં થોડું પાણી ભરાયેલું હતું. આથી, દિવ્યેશભાઈએ કાર નાળામાં ચલાવવાની હિંમત કરી હતી. જોકે, નાળામાં અધવચ્ચે કાર ઊભી રહી ગઈ હતી અને તણાવા લાગી હતી. આથી, બૂમાબૂમ કરતાં કિનારે ઊભેલા કેટલાક લોકોએ દોરડું પણ ફેક્યું હતું અને દોરડું બાંધીને કાર ખેંચવાનો પ્રયાસ પણ કર્યો હતો. પરંતુ એ જ વખતે ઉપરવાસમાં વરસાદ પડવાથી પાણીનો પ્રવાહ અચાનક વધી ગયો હતો. જેથી કાર તણાવા લાગી હતી. આ સમયે કારમાં આગલી સીટ પર બેઠેલા અપૂર્વપુરુષદાસ સ્વામી અને ડ્રાઈવર દિવ્યેશભાઈ બારણું ખોલી બહાર આવ્યા હતાં અને તેમના હાથમાં દોરડું આવી જતા બહાર નીકળી ગયા હતાં. બીજી તરફ પાછલી સીટમાં બેઠેલા અન્ય બે યુવકો પણ મારી બહાર નિકળવામાં સફળ રહ્યાં હતાં.

આ દરમિયાન કાર આખી પાણીમાં ડૂબેલી હોવાથી અન્ય યાત્રિકોની કાંઈ ભાળ મળી નહીં. પરંતુ મોડી રાત્રે મદદ માટે દોડી આવેલા મામલતદાર, ગામના લોકો, સાળંગપુરના અન્ય સંતો અને નિષ્ણાતોની મદદથી છેક રાત્રે 3 વાગે કાર પાણીમાંથી બહાર કાઢી હતી. તે સમયે વચ્ચેની સીટમાં લગભગ 80 વર્ષીય શ્રીકૃષ્ણભાઈ પંડ્યા અને દિવ્યેશભાઈનો 10 વર્ષીય પુત્ર પ્રબુધ મૃત અવસ્થામાં મળી આવ્યા હતા. આ ઉપરાંત કારમાં બેઠેલા અન્ય એક નવદીક્ષિત સંત પૂજ્ય શાંતચરિત સ્વામીની કોઈ ભાળ મળી નહતી.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

સામરખાના લીમડાપુરાની સેંટ ઝેવિયર્સ વિદ્યાવિહારમાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો

આણંદ | સામરખાના લીમડાપુરામાં આવેલી સેંટ ઝેવિયર્સ વિદ્યાવિહાર ખાતે સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આધુનિક યુગમાં ઉપસતા પ્રશ્નો અને તેના નિરાકરણ વિશે સમજ આપી તેમાં મદદરૂપ થતી સંસ્થા સખી વન સ્ટોપ સેન્ટર, આણંદ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બિજલબેન (કાઉન્સિલર) દ્વારા 181 - મહિલા હેલ્પલાઈન વિશે તથા રુમાના પઠાણ દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર વિશે માહિતી આપવામાં આવી હતી. આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર મુસ્તકીમ (સાઇબર પોલીસ સ્ટેશન, આણંદ) દ્વારા સાઇબર જાગૃતિ અંગે સમજ આપવામાં આવી હતી.

નડિયાદ ખાતે વાલી, વિદ્યાર્થી અને શિક્ષકોને એસૂત્રતાથી જોડતો સંવાદ યોજાયો

નડિયાદ | નડિયાદની સેન્ટ અર્સલ્લા સ્કૂલ ખાતે વાલી, વિદ્યાર્થી અને શિક્ષકોને એસૂત્રતાથી જોડતો અનોખો સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેનો હેતુ 'કોઈપણ શાળા પરિવાર બની જાય તો બાળકો પરિવારમાં દોડતા આવે.' એમ હતો. ધો.10 અને 12ના વાલી, વિદ્યાર્થી, શિક્ષકો, સંચાલક મંડળ એકસૂત્રતાથી જોડાઈ બાળકનો સર્વાંગી વિકાસ સધાઈ તે માટે 'ઓપન ડે'નું અનોખું આયોજન કરાયું હતું. આ સંવાદ સાથે બાળકમાં ખૂટતી બાબતોની સમજ, મૂલ્ય શિક્ષણ અને શાળા સાથે અનુકૂલન અંગે સંવાદ યોજાયો હતો. કાર્યક્રમમાં આચાર્ય સિસ્ટર લુઈસા, મેનેજર સિસ્ટર સંધ્યા, શિક્ષણવિદ શૈલેષ રાઠોડ સહીત સટાફ પરિવાર, વાલીઓ, વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

કરમસદની ભાઇકાકા યુનિ. દ્વારા બોરીયાવી અને પીપળાવ ખાતે વૃદ્ધોને સારવાર અપાઇ

આણંદ | કરમસદ સ્થિત ભાઇકાકા યુનિવર્સિટી સાથે કરેલા કરાર મુજબ જિલ્લા આરોગ્ય વિભાગના સહયોગથી વૃદ્ધોને સંભાળ માટે બોરિયાવી તથા પીપળાવના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. બોરિયાવીના 163 વૃદ્ધ અને પીપળાવના 106 વૃદ્ધે લાભ લીધો હતો. ભાઇકાકા યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. અભય ધરમસી, રજીસ્ટ્રાર ડો. જ્યોતિ તિવારી, પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજના ડીન ડો. હિમાંશુ પંડ્યા અને મેડિકલ સુપ્રિટેન્ડન્ટ ડો. જીતેશ દેસાઇના માર્ગદર્શન હેઠળ ડોક્ટરની બે ટીમને વૃદ્ધોના આરોગ્યની તપાસ માટે તૈનાત કરવામાં આવી હતી. કેમ્પને સફળ બનાવવા માટે આસી. પ્રોફેસર, ડો. કલ્લોલે યુનિ.નું પ્રતિનિધિત્વ કરી આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર્સ બોરિયાવી ખાતે ડો. સૃષ્ટિ અને પીપળાવ ખાતે ડો. બેલા સાથે સંકલન સાધ્યું હતું.

આણંદના વામનબંધુ ફાન્ડેશન અને લાયન્સ ક્લબ દ્વારા જાગરણની મોજ કાર્યક્રમ યોજાયો

આણંદ | શહેરના વામનબંધુ ફાઉન્ડેશન અને લાયન્સ ક્લબ દ્વારા ગૌરીવ્રત કરતી બાળાઓ માટે ગૌરીવ્રતના 5મા દિવસે 'ગૌરીવ્રત જાગરણની મોજ' કાર્યક્રમ વામનબંધુ ફાઉન્ડેશનના પ્રમુખ દલસુખભાઈ પી. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગૌરીવ્રત કરતી બાળાઓને લાયન્સ ક્લબ આણંદ, વામનબંધુ ફાઉન્ડેશન , જાગૃતિ મહિલા સમાજ - આણંદ અને વુમન એસોસિએશન - આણંદ દ્વારા રમત- ગમ્મત , ગરબા , લકી ડ્રો વિગેરે ના વિજેતા બાળાઓને ઈનામો આપવામાં આવ્યા હતા.

આણંદ કૃષિ યુનિવર્સિટીના ખાંધા કેન્દ્ર દ્વારા ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટીના નર્મદા પિયત સંશોધન યોજના, ખાંધા કેન્દ્ર દ્વારા સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂતો માટે તાલીમ અને નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા જીલ્લાના દેથાણ (કરજણ) ગામે 'બીટી કપાસમાં પિયત વ્યવસ્થાપન' વિષય ઉપર ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં 54 જેટલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉપસ્થિત ખેડૂતોને ખાંધા કેન્દ્રના યુનિટ વડા અને મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડો. જે.એચ.ચૌધરી દ્વારા કરજણ વિસ્તારના મુખ્યપાક બીટી કપાસમાં પિયત વ્યવસ્થાપન, પોષણ વ્યવસ્થાપન તેમજ સંકલિત રોગ-જીવાત અંગેવિસ્તૃત માહિતી આપી હતી.

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત સ્પંદન બાલમંદિરમાં વાલી ગીત સ્પર્ધા યોજાઇ

કપડવંજ | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત સ્પંદન મંદિરમાં વાલી ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વાલી ભાઈ - બહેનોએ ભાગ લીધો હતો. વાલી મિત્રોએ સુંદર ગીત ગાયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે માણેકલાલ દેસાઈ કિશોર મંદિરના શિક્ષિકા બહેન પ્રીતિબેન ખડાયતા એ પોતાના અનુભવ પ્રમાણે નંબર આપી વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. જેમાં ભાવેશ પરમાર પ્રથમ નંબરે, ભાવિકાબહેન દવે બીજા નંબરે અને દીક્ષિતાબહેન ભટ્ટ ત્રીજા નંબરે આવ્યા હતા. તેમને ઇનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા.

સરદાર પટેલ યુનિવર્સિટીના ગ્રાન્ટેડ કોલેજના કર્મચારી યુનિયનમાં નિમાયાં

કપડવંજ | વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેડ કોલેજીસ એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂશન્સ એડમિનીસ્ટ્રેશન સ્ટાફ એસોસિએશનની સામાન્ય સભા જે એન્ડ જે સાયન્સ કોલેજ નડિયાદ ખાતે યુનિયનના પ્રમુખ હરીશભાઇ પારેખના અધ્યક્ષ પદે મળી હતી. આ સભામાં 2025-27 આગામી બે વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે આર્ટ્સ - કોમર્સ કોલેજ કપડવંજના ઓએસ ધર્મેશ કે. પરીખની નિમણૂંક કરવામાં આવી હતી. આ સંસ્થાના અન્ય હોદ્દેદારોમાં ઉપ-પ્રમુખો દર્શનભાઈ સુથાર, દેવાંગભાઈ સુથાર, મંત્રી અનિરુદ્ધ પટેલ, સહમંત્રીઓ કૃણાલભાઈ શાહ, સંજયભાઈ રબારી, વિજયસિંહ પરમાર વિગેરેની નિમણૂંક કરવામાં આવી હતી.

આણંદમાં મચ્છુ કઠિયા દરજી સુથાર જ્ઞાતિ મહિલા સંગઠન દ્વારા વાનગી હરીફાઈ યોજાઇ

આણંદ | આણંદ-વિદ્યાનગરના મચ્છુ કઠિયા દરજી સુથાર જ્ઞાતિ મહિલા સંગઠન દ્વારા રસોઈની રાણીઓ માટે મહિલા મંડળ દ્વારા હેલ્થ ફૂડ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં મચ્છુ કઠિયા દરજી સુથાર જ્ઞાતિ મહિલા સંગઠનના 55 બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ વાનગી હરીફાઈમાં સમાજના ત્રણ મંડળો જેમાં મચ્છુ કઠિયા દરજી સુથાર સમાજના પ્રમુખ રમેશભાઈ રાઠોડ, ઉપપ્રમુખ કિરણભાઈ ધામેચા તથા મચ્છુ કઠિયા દરજી સુથાર યુવક મંડળના પ્રમુખ ધીમન સોલંકી તેમજ ઉપપ્રમુખ અજયભાઈ ચાવડા અને મચ્છુ કઠિયા દરજી સુથાર જ્ઞાતિ મહિલા સંગઠનના પ્રમુખ મીનાબેન ગોહેલ તથા ઉપપ્રમુખ ચેતનાબેન પીઠડીયા સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બાલાસિનોરના માળના મુવાડા નિવાસી પ્રાથ. શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

બાલાસિનોર | બાલાસિનોર તાલુકાના માળના મુવાડામાં આવેલ બક્ષીપંચ અનુદાનીત નિવાસી પ્રાથમિક શાળામાં બાલાસિનોર લાયન્સ ક્લબ દ્વારા પ્રમુખ દક્ષાબેન પાઠકના માર્ગદર્શનથી ધોરણ 1થી 8ના 60 જેટલા વિદ્યાર્થીઓને ભોજનની સાથે મોહનથાળ (મીઠાઈ)નું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ નિવાસી પ્રાથમિક શાળા પરિસરમાં સામાજિક સમરસતા મંચ મહીસાગર જિલ્લાના સંયોજક અશ્વિનભાઈ પંચાલની ઉપસ્થિતિમાં પર્યાવરણની જાળવણીમાં મદદરૂપ વૃક્ષારોપણ સ્થાનિક ધારાસભ્ય માનસિંહભાઈ ચૌહાણ તથા તાલુકા ભાજપ પ્રમુખ છત્રસિંહ કે. ચોહાણ, બાલાસિનોર લાયન્સ ક્લબના મંત્રી પ્રવિણભાઈ સેવક, પી.કે. શર્મા, જે.ડી. શર્મા, શાળાના શિક્ષકોની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા બે દિવસીય યજ્ઞ કાર્યશાળાનું આયોજન કરાયું

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટી અને ભારતીય વિચાર મંચના સંયુક્ત ઉપક્રમે યુવાઓ માટેની 'યજ્ઞ કાર્યશાળા'નું આયોજન કરાયું હતું. આ બે દિવસીય કાર્યશાળામાં પ્રો. નિરંજનભાઈ પટેલ, કુલપતિ, સરદાર પટેલ યુનિવર્સિટી, શ્રીકાંત કાટદારેજી, પ્રચારક, પ્રજ્ઞા પ્રવાહ, ઇશાનભાઈ જોષી, સંયોજક, અભા યુવા આયામ, ભારતીય વિચાર મંચ, ડો. રાજેશભાઇ પરીખ, ડો. વસંતભાઇ પટેલએ ઉપસ્થિત રહીને યુવાઓને પ્રેરિત કર્યા હતા. આઠ વક્તાઓ દ્વારા ભારતને કેન્દ્રમાં રાખીને જુદા- જુદા વિષયો પર વ્યાખ્યાન આપવામાં આવ્યા હતા. ડો. સિદ્ધાર્થ દવે, પદ્મશ્રીથી સન્માનિત ડો. વિષ્ણુભાઈ પંડ્યા, અધિવક્તા અવધૂત સુમંત રાજેન્દ્ર પેંસિયા, ડો. સંદિપ રાંકાવત દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આણંદ કેન્દ્ર તથા પ્રાંતના તમામ કાર્યકર્તાઓએ કાર્યશાળાને સંપન્ન કરવામાં સફળ સંચાલન કર્યું હતું.

ખેડા જિલ્લા બાળ કલ્યાણ સમિતિ દ્વારા દત્તક વિધાન સંમતિપત્ર અર્પણની કામગીરી કરાઇ

નડિયાદ | ખેડા જિલ્લા બાળ કલ્યાણ સમિતિ દ્વારા ચાલુ વર્ષે દત્તક વિધાનની કામગીરી અંગે સંમતિપત્રની અરજીઓ પૈકી આજદિન સુધી 9 જેટલા દત્તક માતા-પિતાને સંમતિપત્ર અર્પણ કરવામાં આવ્યાં છે. આ પ્રસંગે ચેરમેન અમિત ડાભી, સભ્યોમાં અમિત સોની, નીરજ ગોએલ, કૃતિબેન પટેલ, સભ્ય સચિવ કીર્તિબેન જોશીના હસ્તે દત્તક માતા-પિતાને સંમતિપત્ર અર્પણ કરાયાં હતાં.